રજી.એડી

નમૂનો – 'ચ'

(જૂઓ નિયમ ૪ (૨))

અન્ય સત્તાધિકારીને સંબંધકર્તા અરજીની તબદીલી

પરિપત્ર નં_ 570

પ્રેષક :

જાહેર માહિતી અધિકારી

જિલ્લા શિક્ષણ અધિકારી

કચેરી અમરેલી

સરનામું :

ક્રમાંક: પરીક્ષા/RTI/જાદવ/તબદીલ/૨૦૨૦-૨૧

નંબર : ૦૮ તા. ૭/૯/૨૦૨૦

પ્રતિ,

શ્રી / શ્રીમતી આચાર્યશ્રી

(જાહેર માહિતી અધિકારી)

આ જિલ્લાની નોન ગ્રાન્ટેડ તમામ શાળાઓ ખાતું / કચેરી,

સરનામું : અમરેલી જિ. અમરેલી

આ સાથે શ્રી જાદવ નિરવકુમાર આર. ની તા. ૨૮/૮/૨૦૨૦ ની અરજી (આઈ.ડી.નં. ૦૮ નીચેનાં કારણોસર સામેલ છે.)

માંગવામાં આવેલ માહિતી, આ ખાતા / કચેરીના અધિકારક્ષેત્રમાં આવતી નથી. તે આપનાં ખાતા / કચેરીનાં અધિકારક્ષેત્રમાં આવે છે, તેથી આ સાથેની અરજી આગળની જરૂરી કાર્યવાહી માટે તબદીલ કરવામાં આવે છે.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, અરજદારે જરૂરી માહિતી માટેની ફી રૂ. ૨૦. [illegible] ચૂકવી જે સરકારી તિજોરી / ખાતામાં જમા કરવામાં આવી છે.

DM [signature]

ડી. એમ. ડેકારીયા

( [illegible] )

જાહેર માહિતી અધિકારી

–વ–અધિક્ષક

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

અમરેલી

નોંધ:- મુદ્દા નં. ૧ ની માહિતી મોકલવામાં આવેલ છે.

મુદ્દા નં. ૨ થી ૧૧ ની માહિતી નોનગ્રાન્ટેડ શાળાને તબદીલ કરવામાં આવેલ છે.

નકલ રવાના :

પ્રતિશ્રી,

જાદવ નિરવકુમાર આર.

ઠે. સા. જીનશાળ કિટારીયા નગર

તા. ગઢડા જિ. બોટાદ.

૭/૯

[signature]

07-9-2020

આપની અરજી, આ ખાતા/કચેરીના અધિકારક્ષેત્રમાં ન આવતી હોવાથી તે જેના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે તેને તબદીલ કરવામાં આવે છે. ઉપર જણાવેલ જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરવા વિનંતી છે.

Scanned with CamScanner




# માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫

જાહેર માહિતી અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી,

જાહેર માહિતી અધિકારીનું સરનામું :- જિલ્લા શિક્ષણાધિકારી શ્રીની કચેરી
બહુમાળી ભવન
ફોન નં. (02712)222136 જિ. અમરેલી

અરજદારનું નામ : જાદવ નિરવકુમાર વ્યાર

અરજદારનું સરનામું : ઉમા જંકશન કટારીયા નગર
તા- ગઢડા જિ. બોટાદ

વિષય : માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અનુસાર નીચેની માહિતી આપશો.

1. ✓ ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓની યાદી આપશો. કુલ કેટલી આવેલી છે તેમા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કુલ કેટલી.

2. ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા)માં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માં કુલ કેટલા વિદ્યાર્થીઓ તા. ૦૪/૦૮/૨૦૨૦ સુધીમાં અભ્યાસ કરે છે. તેની કુલ સંખ્યા પ્રમાણિત કરીને આપશો.

3. ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા)માં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માં કુલ કેટલા શિક્ષકો ફરજ બજાવે છે. તેમા લાયકાતી શિક્ષકો કેટલા અને બિન લાયકાતી શિક્ષકો કેટલા ફરજ બજાવે છે. તેની કુલ સંખ્યા આપના લેટર પેડ પર લખીને પ્રમાણિત કરીને આપશો.

4. ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) માં ગુજરાત સરકાર શ્રી ક્યા અધિનિયમ અને ક્યા ઠરાવ મુજબ અને તમામ પરિપત્રને આધારે કરવામાં આવે છે (જેની નિમણૂક કરવામાં આવે છે) તે તમામ અધિનિયમ અને તમામ ઠરાવ અને તમામ પરિપત્રો પ્રમાણિત કરીને ઝેરોક્ષ આપશો. તે ઉપરાંત અન્ય ક્યા આધારે તેની નિયુક્તિ કરવામા આવે છે તે લખીને પ્રમાણિત કરીને આપશો.

5. ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) માં તેનુ માનદવેતન (પગાર) કેટલુ આપવામા આવે છે તે શિક્ષકશ્રીને ગુજરાત સરકારના ક્યા અધિનિયમ અનુસાર માનદવેતન (પગાર) ચુકવવામાં આવે છે અને માનદવેતન (પગાર) ક્યા ક્યા ધારા ધોરણો અનુસાર ચુકવવા માં આવે છે. માનદવેતન (પગાર) ચુકવવાનં તમામ અધિનિયમ અને તમામ ઠરાવ અને તમામ પરિપત્ર ને

39

પરીક્ષા
3/8/2020

I.D. NO.
OC
3/8/2020

3/8

Scanned with CamScanner

ઝેરોક્ષ કરીને આપશો. તે ઉપરાંત અન્ય રીતે ચુકવવામાં આવે તો આપશ્રી ના લેટરપેડ પર લખાણ કરીને પ્રમાણિત કરીને આપશો.

6. ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) માં શિક્ષકશ્રીને ફરજમુક્ત ગુજરાત સરકારના ક્યા અધિનિયમ અનુસાર અને ક્યા ઠરાવ અને ક્યા પરિપત્ર મુજબ કંરવામાં આવે છે તે તમામ અધિનિયમ અને તમામ ઠરાવ અને તમામ પરિપત્ર ને ઝેરોક્ષ કરીને પ્રમાણિત કરીને આપશો. તો તે આપના લેટરપેડ પર લખાણ કરીને પ્રમાણિત કરીને આપશો.

7. ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) ક્યા વર્ષથી અમલમાં આવેલ છે તે સ્વનિર્ભર શાળા સરકારશ્રીના ક્યા અધિનિયમ અને ક્યા ઠરાવ અને ક્યા પરિપત્ર અનુસાર તે પોતાનો ખાનગી વહીવટ કરી શકે છે તે તમામ અધિનિયમ અને તમામ ઠરાવ અને તમામ પરિપત્રોની ઝેરોક્ષ પ્રમાણિત કરીને આપશો. જેમા સ્કૂલની મંજુરી/કર્મચારીનો માનદવેતન (પગાર) રમત-ગમત કે અન્ય.

8. કોરોના વાઈરસ મહામારી અંતર્ગત ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) ને ગુજરાત સરકારશ્રીના કોઈ ઠરાવ કે પરિપત્ર થયેલ છે. સ્વનિર્ભર શાળા શિક્ષકો ને માનદવેતન આપવા માટે જો થયેલ હોય તો તેમજ ઠરાવ કે પરિપત્રની ઝેરોક્ષ પ્રમાણિત કરીને આપશો. જો ઠરાવ કે પરિપત્ર ન થયેલ હોય તો આપના લેટરપેડ પર લખીને પ્રમાણિત કરીને આપશો.

9. કોરોના વાઈરસ મહામારી અંતર્ગત ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) દ્વારા કુલ કેટલી શાળા એ તેના શિક્ષકો ને માનદવેતન (પગાર) ચુકવેલ છે. જે શાળાઓએ કઈ રીતે દા.ત. પે ચેક કે રાષ્ટ્રીયકૃત બેન્ક એકાઉન્ટમાં કે અન્ય રીતે આપશ્રીના સરકારશ્રી ના ધારાધોરણ મુજબ સ્કૂલના શિક્ષકોની નામ સાથે પ્રમાણિત કરી ને આપશો. તે શાળાનું નામ આપના લેટરપેડ પર લખીને પ્રમાણિત કરીને આપશો. જો એક પણ શાળા એ શિક્ષકોને માનદવેતન (પગાર) ચુકવેલ ન હોય તો આપના લેટરપેડ પર લખીને પ્રમાણિત કરીને આપશો. જેમા શિક્ષકોનો ૧૫ માર્ચ, એપ્રિલ, મે, જુન, જુલાઈનો સમાવેશ થાય છે. જો આપના દ્વારા સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) ને માનદવેતન ચુકવવાનો કોઈ હુકમ કે આદેશ કરેલ હોય. તો તેની પ્રમાણિત કરીને ઝેરોક્ષ આપશો.

10. કોરોના વાઈરસ અંતર્ગત ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) દ્વારા શિક્ષકશ્રી માનદવેતન (પગાર) ચુકવેલ ન હોય તે શિક્ષકશ્રીને માનદવેતન (પગાર) મેળવવા માટે ક્યા પ્રકારની કાર્યવાહી કરવી પડશે.

Scanned with CamScanner

તે અંગેનુ આપની સ્પષ્ટ શૈલીમાં આપના લેટરપેડ પર લખીને પ્રમાણિત કરીને આપશો. જો આપશ્રી કઈ પણ ન કરી શકો તો તે પણ ઉલ્લેખ કરીને લખશો.

11. કોરોના વાઈરસ અંતર્ગત ગુજરાત સરકાર માન્ય આપના અધિકાર ક્ષેત્રમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) ના શિક્ષકો આર્થિક સંક્રમણ સંકળાયેલા હતા ત્યારે સ્વનિર્ભર શાળા (ખાનગીશાળા) ના સંચાલકો પાસે વારંવાર માનદવેતન (પગાર) મેળવવા માટે ગયા ત્યારે શિક્ષકોની સાથે ગેરવર્તણુક કરેલ છે. અમુક શિક્ષકોને ફરજમુક્ત (છુટા) કરેલ છે તો તે ગુજરાત સરકારના ક્યા અધિનિયમ અને ક્યા ઠરાવ અને ક્યા પરિપત્ર અનુસાર કરેલ છે તેની અધિનિયમ અને ઠરાવ અને પરિપત્રની ઝેરોક્ષ આપશો. તેથી આપશ્રી બંધારણીય કે કાયદાકીય જોગવાઈ અનુસાર કોઈ દંડનાત્મક કાર્યવાહી કરી શકો તો આપના ખ્યાલ આપના લેટરપેડ પર લખીને આપશો.

નોંધ : માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અનુસારની કલમ-૬ ની પેટા કલમ ૩ અનુસાર માંગેલ માહિતી આપના અધિકાર ક્ષેત્રમાં ન આવતી હોય તો તે માહીતીને સંબંધિત જાહેર માહીતી અધિકારીને તબદીલ કરીને આપશો.

નોંધ : માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અનુસારની કોઈપણ માહીતી પ્રમાણિત કરીને આપશો જેમા તે જાહેર માહિતી અધિકારીશ્રીનુ નામ અને જાહેર માહિતી અધિકારશ્રીનો હોદ્દો અને આપના ડિપાર્ટમેન્ટનો સિક્કો મારીને આપશો.

નોંધ : માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અનુસાર માહીતી માંગવામાં કોઈપણ પ્રકારની ભૂલ હોય તો તે લેખિતમાં જવાબ આપશો તે અંગેની જાણ કરશો.

સ્થળ : ડીસા

તારીખ : ૨૪/૦૮/૨૦૨૦

M Jadav

અરજદારની સહી

Scanned with CamScanner